| GJJN110007082024 | | રજુ તારીખ : | 27 | 09 | 2024 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 27 | 09 | 2024 |
| | | ફેસલ તારીખ : | 24 | 04 | 2026 |
| | સત્યમેવ જયતે | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 01 | 06 | 28 |
| | | **આંક : પર.** | | | |

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૪/૦૪/૨૦૨૬. |
| **ફોજદારી કેસ નંબર** | **પ૬પ/૨૦૨૪.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૪૦૨૩૯/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરિયાદી : સેજલબેન વા/ઓ હિતેશભાઈ રણછોડભાઈ કયાડા ડો/ઓ વિઠ્ઠલભાઈ બચુભાઈ સતાસીયા) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | **(૧) હિતેશભાઈ રણછોડભાઈ કયાડા,**<br>ઉ.વ.૩૯, ધંધો : હિરા ઘસવાનો,<br><br>**(૨) મંજુલાબેન વા/ઓ રણછોડભાઈ ભીમજીભાઈ કયાડા,**<br>ઉ.વ.૫૫, ધંધો : ઘરકામ,<br><br>**(૩) રણછોડભાઈ ભીમજીભાઈ કયાડા,**<br>ઉ.વ.૬૪, ધંધો : ખેતી, |

| | |
|---|---|
| | તમામ રહે.સુરત, વેલન્જા, આનંદવાટીકા,<br>મુળ રહે.થોરાળા, તા.જેતપુર, જી.રાજકોટ. |
| રજુઆત | વિ.વકીલ શ્રી વી.વી.રાણવા. |

## :: નમૂના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૮/૦૬/૨૦૧૪ થી તા.૧૮/૦૬/૨૦૨૪. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૮/૦૬/૨૦૨૪. |
| આખરી અહેવાલની તારીખ | ૧૦/૦૯/૨૦૨૪. |
| તહોમતનામાની તારીખ | ૩૧/૦૭/૨૦૨૫. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૯/૨૦૨૫. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬. |
| ચૂકાદાની તારીખ | ૨૪/૦૪/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| ક્રમ | આરોપીનું નામ | હાજર રહયા ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧<br>૨<br>૩ | હિતેશભાઈ રણછોડભાઈ કયાડા,<br>મંજુલાબેન વા/ઓ રણછોડભાઈ ભીમજીભાઈ કયાડા,<br>રણછોડભાઈ ભીમજીભાઈ કયાડા | ૨૨/૦૬/ ૨૦૨૪ | –– | ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક),૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | – | – | – |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**
**અ. ફરિયાદ પક્ષના સાક્ષી**

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | ફરીયાદી | સેજલબેન હિતેશભાઈ કયાડાની જુબાની. | ૨૮ |
| ૨. | સાહેદ | દિવાળીબેન વિઠલભાઈ સતાસીયાની જુબાની. | ૩૧ |
| ૩. | સાહેદ | વિઠલભાઈ બચુભાઈ સતાસીયાની જુબાની. | ૩૨ |
| ૪. | સાહેદ | નેહાબેન દિનેશભાઈ પરમારની જુબાની. | ૩૩ |
| ૫. | સાહેદ | કિશન દિનેશભાઈ પરમારની જુબાની. | ૩૪ |
| ૬. | સાહેદ | જીતેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ ભુટાભાઈ સતાસીયાની જુબાની. | ૩૫ |
| ૭. | પંચ સાહેદ | ગોપાલભાઈ ચનાભાઈ પટોળીયાની જુબાની. | ૩૬ |
| ૮. | સાહેદ | મનોજભાઈ જમનભાઈ પટોળીયાની જુબાની. | ૩૮ |
| ૯. | પંચ સાહેદ | આશીષભાઈ લાભશંકર તેરૈયાની જુબાની. | ૩૯ |
| ૧૦. | ત.ક.અધિકારી | સંજયભાઈ નાનુભાઈ વાણીયાની જુબાની. | ૪૧ |
| ૧૧. | મેડીકલ ઓફિસર | ડો.અભિષેક કરશનભાઈ બગડાની જુબાની. | ૪૪ |
| ૧૨. | ત.ક.અધિકારી | મનીષભાઈ નરસીંહભાઈ કાતરીયાની જુબાની. | ૪૯ |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| ક્રમ. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ. | ૨૯ |
| ૨. | બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ. | ૩૭ |
| ૩. | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ. | ૪૫ |

**ડ. ભૌતિક પદાર્થ :**

| અનુ. નં. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ઠ રા વ

(૧). આ કામે ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.૧ ફરીયાદીના પતિ થાય છે. આરોપી નં.૧ સાથે ફરીયાદીના લગ્ન અગીયાર વર્ષ પહેલા થયેલા છે. જેનાથી સંતાનમાં ફરીયાદીને એક દિકરો નામે નક્ષ છે.આરોપીઓએ લગ્નબાદ ફરીયાદીને અવાર નવાર મેણા ટોણા મારી અને દુ:ખ ત્રાસ આપતા હોય જેથી ફરીયાદીના પિતાજી ફરીયાદીને આઠેક વર્ષ પહેલા તેમના ઘરે તેડી આવેલ હોય ત્યારબાદ આરોપીઓએ ફરીયાદીનો કે તેમના દિકરાનો કોઈ ભાળ સંભાળ પુછેલ નહિ બાદ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ અચાનક આરોપી નં.૨ અને ૩ નાઓએ ફરીયાદીના પિતાના ઘરેથી સમાધાન કરી ફરીયાદી અને તેમના દિકરાને તેમના ઘરે તેડી ગયેલ.બાદ બે-ચાર દિવસ બાદ ફરી વખત તમામ આરોપીઓએ ફરીયાદીને મેણા ટોણા અને દુ:ખ ત્રાસ આપવા લાગેલ અને તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ સવારે આશરે સાડા નવેક વાગ્યાના સુમારે આ કામના ત્રણે આરોપીઓએ આ કામ ના ફરીયાદી તથા તેમના દિકરા નક્ષને ભાડેલી બાંધેલી પિતાના ઘરે ઘરારથી મુકી જઈ ફરીયાદીના પિતાના ઘરની ડેલી પાસે ફરીયાદીને ત્રણેય આરોપીઓએ ઢીકા પાટુનો માર મારી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતા રહેલ.આમ, ત્રણેય આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યાની ફરીયાદીએ ભેંસાણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવતાં, ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસ હાથ ધરી, તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ હાલના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી આંક-૮ થી તહોમતનામું ફરમાવી, આંક-૯ થી આંક-૧૧ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). ત્યારબાદ, આ કામે કેસ રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષે બીજા કોઈ સાહેદ તપાસવા ના બાકી રહેતા ન હોય અને વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, આ કામે રજુ થયેલ પુરાવાનાં અનુસંધાને ફોજદારી કાર્યવાહીનાં કાયદા ની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન પ્રશ્નોતરી સ્વરૂપે લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવમાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.વિશેષ માં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬). આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.સીંધી તથા આરોપી ઓ તરફે વિધ્વાન વકીલ શ્રી વી.વી.રાણવાની દલીલો સાંભળવામાં આવેલ છે.જેમાં આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વાજબી શંકાથી પર પુરવાર કરવા માં સફળ રહેલ હોઈ જે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપીઓને સખત સજા કરવા અરજ કરેલ છે, જયારે આ કામે આરોપી ઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે,આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય જેથી આ કામે આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭). ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## -:: મુદ્દા ::-

(૧). શું ફરીયાદ પક્ષ એ હકીકત વાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપી નં.૧ ફરીયાદીના પતિ થાય છે.આરોપી નં.૧ સાથે ફરીયાદીના લગ્ન અગીયાર વર્ષ પહેલા થયેલા છે.જેનાથી સંતાનમાં ફરીયાદીને એક દિકરો નામે નક્ષ છે.આરોપી ઓએ લગ્ન બાદ ફરીયાદીને અવાર નવાર મેણા ટોણા મારી અને દુ:ખ ત્રાસ

આપતા હોય જેથી ફરીયાદીના પિતાજી ફરીયાદીને આઠેક વર્ષ પહેલા તેમના ઘરે તેડી આવેલ હોય ત્યારબાદ આરોપીઓએ ફરીયાદીનો કે તેમના દિકરાનો કોઈ ભાળ સંભાળ પુછેલ નહિ બાદ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ અચાનક આરોપી નં.૨ અને ૩ નાઓએ ફરીયાદીના પિતાના ઘરેથી સમાધાન કરી ફરીયાદી અને તેમના દિકરાને તેમના ઘરે તેડી ગયેલ.બાદ બે-ચાર દિવસ બાદ ફરી વખત તમામ આરોપીઓએ ફરીયાદીને મેણા ટોણા અને દુ:ખ ત્રાસ આપવા લાગેલ અને તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ સવારે આશરે સાડા નવેક વાગ્યાના સુમારે આ કામના ત્રણે આરોપીઓએ આ કામના ફરીયાદી તથા તેમના દિકરા નક્ષને ભાડેલી બાંધેલી પિતાના ઘરે ઘરારથી મુકી જઈ ફરીયાદીના પિતાના ઘરની ડેલી પાસે ફરીયાદીને ત્રણેય આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતા રહેલ તેમજ ત્રણેય આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨), તથા ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

**(૨).** આખરી શું હુકમ ?

**(૮).** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**<u>મુદ્દા નં.૧</u> :-**

**(૯).** આ કામે આરોપીઓ વિરૂધ્ધ તહોમત મુકવામાં આવેલ છે કે, આરોપી નં.૧ ફરીયાદી ના પતિ થાય છે આરોપી નં.૧ સાથે ફરીયાદીના લગ્ન અગીયાર વર્ષ પહેલા થયેલા જેનાથી સંતાનમાં ફરીયાદીને એક દિકરો નામે નક્ષ છે.આરોપીઓએ લગ્ન બાદ ફરીયાદીને અવાર નવાર મેણા ટોણા મારી અને દુ:ખ ત્રાસ આપતા હોય જેથી ફરીયાદીના પિતાજી ફરીયાદીને આઠેક વર્ષ પહેલા તેમના ઘરે તેડી આવેલ હોય ત્યારબાદ આરોપીઓએ ફરીયાદીનો કે તેમના દિકરાનો કોઈ ભાળ સંભાળ પુછેલ

નહિ બાદ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ અચાનક આરોપી નં.૨ અને ૩ નાઓએ ફરીયાદીના પિતાના ઘરેથી સમાધાન કરી ફરીયાદી અને તેમના દિકરાને તેમના ઘરે તેડી ગયેલ.બાદ બે–ચાર દિવસ બાદ ફરી વખત તમામ આરોપીઓએ ફરીયાદી ને મેણા ટોણા અને દુ:ખ ત્રાસ આપવા લાગેલ અને તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ સવારે આશરે સાડા નવેક વાગ્યાના સુમારે આ કામના ત્રણે આરોપીઓએ આ કામના ફરીયાદી તથા તેમના દિકરા નક્ષને ભાડેલી બાંધેલી પિતાના ઘરે ઘરારથી મુકી જઈ ફરીયાદીના પિતાના ઘરની ડેલી પાસે ફરીયાદીને ત્રણેય આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતા રહેલ. આમ,ત્રણેય આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે ઉપર મુજબના ગુના આરોપીએ આચરેલ છે તે હકીકત વાજબી શંકાથી પર, ફરીયાદ પક્ષે પુરવાર કરવી જોઈએ.

**(૧૦).** આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક)** વંચાણે લેવામાં આવે તો,

**ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક) : કોઈ સ્ત્રીના પતિ અથવા પતિના સગાને તેણી સાથે ક્રુરતા કરવા બાબત :–**

જે કોઈ વ્યકિત કોઈ સ્ત્રીનો પતિ અથવા પતિનો સગો હોઈને એવી સ્ત્રી સાથે ક્રુરતા કરે ત્યારે તેને ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**સ્પષ્ટીકરણ :** આ કલમના હેતુઓ સારૂ ''ક્રુરતા'' એટલે –

(ક) કોઈ સ્ત્રીને આપઘાત કરવા પ્રેરવાનો અથવા તેના શરીર, અવયવ અથવા આરોગ્યને (માનસિક કે શારીરિક) ગંભીર ઈજા કે ભય થવાનો સં ભવ હોય એવા પ્રકારનું જાણીબુજીને કરેલું વર્તન, અથવા

(ખ) કોઈ મિલકત અથવા કીમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાયદેસર માંગણીને પહોંચી વળવા માટે કોઈ સ્ત્રી અથવા તે સ્ત્રી સાથે સગપણ

ધરાવતી કોઈ વ્યકિત પાસેથી બળજબરીથી કામ કઢાવવાના હેતુથી અથવા તેવી માંગણીને પહોંચી વળવાનું તે સ્ત્રી અથવા તે સ્ત્રી સાથે સગપણ ધરાવતી કોઈ વ્યકિતએ ચુકી જવાને કારણે કોઈ હેરાનગતિ કરવામાં આવે, ત્યારે તે સ્ત્રીને કરેલી હેરાનગતિ.

**(૧૧).** આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩** વંચાણે લેવામાં આવે તો,

કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

આ કલમ લાગુ કરવા માટે નીચે મુજબના તત્વો જરૂરી છે.

(૧). આરોપીઓએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨). આવુ કૃત્ય આરોપીઓએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપૂર્વક કર્યુ હતુ.

**(૧૨).** ઉપરોકત કલમ સમજવા માટે આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૯** વ્યથાની વ્યાખ્યા વંચાણે લેવામાં આવે તો,

કોઈપણ વ્યકિત, અન્ય વ્યકિતને શારીરિક પીડા, રોગ અથવા અશકિત ઉપજાવે તે વ્યથા કરે છે તેમ કહેવાય.

આમ, સદર બંને કલમોનું અર્થઘટન કરતાં સદર કલમ મુજબનો ગુનો પુરવાર થવા નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર થવા જોઈએ.

(૧). કોઈ વ્યકિતએ કોઈ વ્યકિતને આકસ્મિક ઉશ્કેરણી વગર સ્વેચ્છાપૂર્વક વ્યથા કરેલ છે.

(૨). સદર વ્યથા શારીરીક પીડા, રોગ અથવા અશકિત દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ છે.

વધુમાં, વ્યથા થવામાં ભોગવનાર વ્યકિત તથા કૃત્ય કરનાર વ્યકિતના કૃત્ય તથા વ્યથા વચ્ચે સ્પષ્ટ સંબંધ આવશ્યક છે. ઈજા થવા પામેલી કે ભોગવવી

પડેલ વ્યથા દૂરસ્થ નહીં, પરંતુ પ્રત્યક્ષ પરિણામ હોય તે જરૂરી છે અને તેમાં પીડા, રોગ તથા અશકિતનો સમાવેશ થાય છે.

(૧૩). આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪** વંચાણે લેવામાં આવે તો,

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરકના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય,પોતાની હાજરીમાં થાયતો તેણે પોતે તે કુત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

(૧). આરોપીએ ગુન્હાહિત બળ વાપરવા માટે કોઈ ચેષ્ટા કરી અથવા તૈયારી કરી,

(૨). ગુન્હાહિત બળ વાપરવામાં આવ્યુ છે તેવી વ્યાજબી દહેશત તે કારણે ભોગ બનનારમાં ઉભી થાય તેવા ઈરાદાથી આરોપીએ કૃત્ય કર્યુ અથવા તેવી દહેશત ઉભી થાય તેવો સંભવ હોવાનું આરોપી જાણતો હોય.

(૩). આવી ચેષ્ટા અથવા તૈયારીના કારણે ભોગ બનનારને વ્યાજબી દહેશત ઉભી થઈ હતી. આ મહત્વનું તત્વ છે કારણ કે હુમલામાંથી કોઈ ઈજા થતી નથી, પરંતુ હુમલો કરવામાં આવે તે પહેલાનો તબકકો છે અને આ હુમલાનાકારણે આગળ નું કૃત્ય થશે તેવી વ્યાજબી દહેશત ઉભી થાય ત્યારે આ ગુન્હો સંપુર્ણ બને છે.

(૪). ઓચીંતો અને ગંભીર ઉશ્કેરાટ આરોપીને ભોગ બનનારને આપ્યો ન હતો.

(૧૪). સદર કામે આરોપી વિરૂઘ્ધનો ઉપરોકત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે આંક–૨૮ થી ફરીયાદી સેજલબેન હિતેશભાઈ કયાડાએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના લગ્ન આજથી બાર વર્ષ પહેલા થોરાળા ગામના રણછોડભાઈ ભીમજીભાઈ કયાડા ના દિકરા હિતેષ સાથે થયેલા. આ લગ્ન જીવનથી તેઓને એક દિકરાનો જન્મ થયેલો નક્ષ જે હાલ તેઓની પાસે છે. તેઓના પતિ તેઓને લગ્નબાદ મારકુટ કરતા

હતા અને બોલાવતા ન હતા અને તેની માને કહેતા હતા કે,'' ચીટલા ભર'' અને હિતેષની મા મંજુલાબેને ધગધગતુ તેલ નાખેલુ અને હાથમાં બળેલી. એક વખત ફરીયાદીના માસા અને માસી આવેલા ત્યારે તેઓને તેઓના સાસરી પક્ષે કહેલ કે, ''તારે આવાને આવા આવે છે.''અને તેઓના સાસુએ વેલણ લઈને અને તેઓના પતિ હિતેષે'' મારી નાખવી છે''તેમ કહી વાંહે દોડેલા. ફરીયાદીને ઘરમાં લાઈટ બંધ કરી એકલી સુવડાવતા.તેઓને આ કેસ કર્યા પહેલા આ કામના આરોપીઓ ગાડી બંધાવી તેઓના ઘરે હડમતીયા મુકવા આવેલા જેથી તેણીએ આરોપી વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ તેણીને બતાવતા,તેણીએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૯ થી રજુ રાખેલ છે.સદરહું ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ફરિયાદીની ઉલટતપાસ કરેલ છે. જે જોતાં તેઓ કબુલ રાખે છે કે, તેમને એક વખત જેતપુર ખાતે લઈ ગયેલ અને તેમને કહેલ કે તારો બસનો પાસ કઢાવવો છે અને આંખની સારવાર કરાવી છે તેમ કહી જેતપુર માં એક ઓફીસમાં લઈ જઈ તેમના એક અંગુઠાનું નિશાન લીધેલ અને તેમને માર મારવા લાગેલ. તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ તેમને ઈકો ગાડી બંધાવી આ કામના આરોપીએ તેમને પેટમાં તથા શરીરમાં લાત મારેલી ત્યારબાદ તેમના માતા–પિતા આવતા તેમને સરકારી દવાખાને લઈ ગયેલા ત્યારબાદ તેઓએ ફરિયાદ કરેલી. ત્યારબાદ આરોપીઓના વિ.વ.શ્રીએ ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે જેમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના લગ્ન પાંચ વર્ષ પહેલા થયેલા. તેમના હાલના લગ્ન એ ત્રીજા લગ્ન છે. તેમના પહેલા લગ્ન જીજ્ઞેશભાઈ સાથે થયેલા. તેમને આ લગ્ન કયા ગામે થયેલા તે હાલ યાદ નથી. તેમના બીજા લગ્ન જામકા મુકામે થયેલા. જામકા મુકામે જીજ્ઞેશભાઈ સાથે થયેલા. ત્યારબાદ ફરિયાદી જણાવે છે કે, પહેલા લગ્ન કોની સાથે થયેલા તેની તેમને ખબર નથી. તેમને બીજા લગ્ન થયેલા તે લગ્નથી તેમને એક દિકરી છે તે દિકરી હાલ તેમના બીજા લગ્નના પતિ જોડે છે. આ જીજ્ઞેશભાઈ વિરુધ્ધ પણ તેમણે એક કેસ કરેલો. જીજ્ઞેશભાઈ એ તેમની સાથે છુટાછેડા લીધેલા. ફરિયાદી જણાવે છે કે, બાવો થઈ ગયો એટલે

તેમને કીધેલુ કે દિકરી મુકીને જતા રહો.આ છુટાછેડા લેવા માટે તેઓએ જીજ્ઞેશભાઈ પાસેથી અઢી લાખ રૂપિયા લીધેલા. તેમના પહેલા લગ્ન થયેલા તેની પાસેથી સીતેર હજાર લીધેલા. સુરત મુકામે તેઓ તેમના માવતરે ભેગા રહેતા હતા. આરોપી હિતેષભાઈ પણ સુરત રહેતા હતા. સુરત મુકામે રહેતા હતા ત્યાં આજુબાજુ બીજા પણ ઘણા મકાનો આવેલા છે અને તયાં બીજા માણસો પણ રહે છે અને તેઓ ત્યાં બધા સાથે હળીમળીને રહેતા હતા. ત્યાં બધા સાથે હળીમળીને વાતચીત કરતા હતા. સુરત મુકામે તેમના માવતર અને બીજા સગાઓ પણ રહે છે. ઘણી વખત તેમના માવતર અને સગાઓ તેમના સાસરીયામાં આવતા અને આ બધા આવતા ત્યારે હળીમળીને વાત કરતા હતા. બધા ભેગા થતા ત્યારે સારી સારી વાતો કરતા હતા. તેમના પતિ અને સાસરીયા તેમને મારકુટ કરતા હતા તેવું તેમના સગાવહાલા ને કહેલુ નહીં. મંજુલાબેન તેમના હાથમાં ઘગઘગતુ તેલ નાખેલુ તેની કોઈ સારવાર કરાવેલી નહીં. વધુમાં ફરિયાદી એ હકીકત પણ કબુલ રાખે છે કે, તેમના પતિ અને સાસરીયા તેમને મારકુટ કરતા હતા તેવુ તેમના સગાવહાલાને કહેલુ નહી. તેઓ સુરત રહેતા ત્યારે તેમને મારકુટ કરેલ હોય તેની કોઈ સારવાર કરાવેલ નથી. તેઓ અને હિતેષ તેમના માટે એસ.ટી. બસનો પાસ કઢાવવા માટે જેતપુર ગયેલા. ફરિયાદી કબુલ રાખે છે કે, તા.૧૮/૬/૨૦૨૪ ના રોજ આરોપીઓએ તેમને કોઈ મારકુટ કરેલ નથી વધુમાં, ફરિયાદી જણાવે છે કે, સામાવાળા તેમને બાર લાખ રૂપિયા આપે તો સમાધાન કરવુ છે.

(૧૫). ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદીની માતા સાહેદ દિવાળીબેન વિઠલ ભાઈ સતાસીયાને આંક–૩૧ ની તથા ફરીયાદીની પિતા સાહેદ વિઠલભાઈ બચુ ભાઈ સતાસીયાને આંક–૩૨ થી સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે. જેમાં સદર સાહેદોએ જણાવેલ છે કે,સેજલબેનના લગ્ન થોરાળા ગામે હિતેષભાઈ રણછોડભાઈ કયાડા સાથે થયેલા. આ લગ્ન દરમ્યાન સેજલબેનને એક દિકરાનો જન્મ થયેલો જે હાલમાં તેઓની દિકરી પાસે છે.તેઓની દિકરીને તેના પતિ અને સાસુ મારકુટ કરતા હતા. તેઓની દિકરી નવ વર્ષથી તેઓની સાથે ખજુરી ગામે રહે છે.તેઓની દિકરીને કામ કરવા ન દે, તુ કામ નથી કરતી, તને કામ આવડતુ

નથી અને મેણાટોણા મારવા લાગેલ.બાદ સાહેદો સ્વૈચ્છાએ જણાવે છે કે,તેઓની દિકરીને એકાદ વર્ષ પહેલા થોરાળા ગામે તેડી ગયેલા.''અમે મારકુટ કરીશુ નહી, સારી રીતે રાખીશુ'' તેવી બાંહેધરી આપીને તેડી ગયેલા. ત્યારબાદ પાછી તેઓની દિકરીને મારકુટ કરીને દશ દિવસમાં તેઓના ઘરે ઈકો ગાડીમાં મુકી ગયેલા. આમ, સદર સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની ન આપેલ હોય. જેથી વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ બાદ અદાલતની પરવાનગીથી આ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે,તેમની દિકરી ને જેતપુર લઈ ગયેલા અને તેનો બસનો પાસ કઢાવવો છે અને આંખની સારવાર કરાવવાની છે અને જેતપુર ઓફીસમાં તેમના પતિ લઈ  જઈ એ કોરા કાગળમાં અંગુઠાનું નિશાન લીધેલુ અને સાંજે ઘરે આવી આ લોકોએ આવીને માર મારેલો અને મેણાટોળા મારેલા અને તેમના સાસુ મંજુલાબેન અને તેમના સસરા રણછોડ ભાઈ અને તેમના પતિ હિતેષભાઈ બધા ઝગડો કરવા લાગેલા અને ઈકો ગાડી બંધાવી તેમના દિકરા નક્ષ અને તેમને ઉતરવાનું જણાવેલ અને તેમના દિકરીએ ગાડી નીચે ઉતરવાની ના પાડતા તેને પાટુ મારેલ તેમજ તેમની દિકરીને જાનથી મારી નાખવાની ધમકી આરોપીઓએ આપેલી અને તેમની દિકરીને તેઓ ભેસાણ સરકારી દવાખાને લઈ ગયેલા આ વાત તેમની દિકરીએ તેઓને કરતા તેઓએ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલુ. ત્યારબાદ આ કામે આરોપીઓના વિ.વ.શ્રીએ સદર સાહેદોની ઉલટતપાસ કરતા સાહેદોએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સુરત મુકામે મારી દિકરી રહેતી હોય ત્યારે તેને તેના પતિ સાથે કે સાસુ સસરા સાથે કોઈ બનાવ બનેલ હોય તે અંગે તેમને કોઈ વાત કરેલ નહી. તેઓ તેમની દિકરીને સુરત મળવા માટે જતા ત્યારે તેના આજુબાજુના પાડોશીઓએ પણ મારી દિકરી સાથે કોઈ બનાવ બન્યો હોય તેવી કોઈ વાત કરેલ નથી. તેઓ થોરાળા મુકામે જતા ત્યારે ત્યાં આજુબાજુના લોકોએ તેમની દિકરી સાથે કોઈ બનાવ બન્યો તેવી વાત કરેલી નહી અને શારીરીક માનસીક દુ:ખત્રાસ આપી મારઝુડ કરેલ હોય તેવી પણ વાત કરેલી નહી.તેમની દિકરી નવ વર્ષથી તેમની સાથે રહે છે તેમજ બનાવ બન્યો

ત્યારબાદથી તેમને આરોપીઓ સાથે કોઈ માથાકુટ થયેલ નથી. બનાવ બાદ આરોપીઓ પણ કયારેય અમારા ગામમાં આવેલા નથી.

(૧૬). ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ નેહાબેન દિનેશભાઈ પરમારને આંક ૩૩ ની તથા સાહેદ કિશન દિનેશભાઈ પરમારને આંક–૩૪ ની તથા સાહેદ જીતેન્દ્ર ભાઈ ઉર્ફે રાજુભાઈ ભુટાભાઈ સતાસીયાને આંક–૩૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં સદર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની ન આપેલ હોય. જેથી વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ બાદ અદાલતની પરવાનગીથી આ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે.પરંતુ વિરુધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી. ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી એ સદર સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ.જેમા સાહેદોએ જણાવેલ છે કે, તેઓ એ બનાવ નજરે જોયેલો નથી. બનાવ અંગે સેજલબેને તેઓને કોઈ વાત કરેલી નથી કે તેના માતાપિતાએ પણ તેઓને કોઈ વાત કરેલ નથી. તેમજ તેઓ વધુમાં જણાવે છે કે, તેઓની હાજરીમાં સેજલબેન અને આરોપીઓ વચ્ચે કોઈ બનાવ બનેલ નથી. સેજલબેનને પહેલેથી આંખની નબળાઈ હોય ઓછુ દેખાઈ છે અને તે કારણે તેઓ જાતે પણ પડી જાય છે.

(૧૭). ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ મનોજભાઈ જમનભાઈ પટોળીયા ને આંક–૩૮ની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે. જેમાં સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, તેઓએ તેમના પોલીસ નિવેદન માં એવું લખાવેલ છે કે, આરોપીઓ સેજલબેનને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા અમારે જોતી નથી હવે તુ આવી તો તારા પરિવારને વાત કરીશ તો તને મારી નાખીશું. વધુમાં એવું પણ લખાવેલ કે બનાવ બાદ દિવાળીબેન તથા તેના પિતા આવતા સેજલબેને વાત કરેલ કે, આ લોકો મને તેડી ગયા બાદ મેણાટોળા મારતા અને તારા બાપે તને કંઈ શીખડાવેલ નથી તેમ કહી ઝગડો કરતા આજથી

ત્રણ દિવસ પહેલા બસનો પાસ કઢાવવાનો છે તેમ કહીને આંખની સારવાર કરાવી છે તેમ કહી જેતપુર મને કોઈ ઓફીસમાં લઈ ગયેલા મને એક કાગળમાં મારા અંગુઠા નું નિશાન લઈ સાંજે ઘરે આવેલ અને માર મારેલ તેમ સેજલબેને તેના માતા પિતાને વાત કરેલ અને સેજલબેનને ભેસાણ સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યારબાદ આરોપીઓના વિ.વ.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરેલ જેમા સાહેદ જણાવે છે કે, તેઓ અને વિઠ્ઠલભાઈ ઘટના બની ગયા પછી વિઠ્ઠલભાઈના ઘરે ગયેલા. તેમની હાજરીમાં સેજલબેનને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ સેજલ બેનને કોઈ માર મારેલ નથી. વધુમાં જણાવે છે કે ઈકો ગાડી માંથી ઉતરીને સેજલ બેનને ધકકો મારેલ હોય તેવું તેમની હાજરીમાં બનેલ નથી.સાહેદ કબુલ રાખે છે કે, સેજલબેનના પપ્પા વિઠ્ઠલભાઈ સાથે તેમને સારા સબંધ છે તેઓ જણાવે છે કે, તેમની હાજરીમાં તેઓ ચોકમાં બેઠા હોય અને વિઠ્ઠલભાઈના મકાનની ડેલી પાસે ગાડી ઉભી રહેલ અને તેમાંથી વિઠ્ઠલભાઈની દીકરી સેજલ અને તેના દિકરા નક્ષને આરોપીએ ધકકો મારેલ અને ગાડીમાંથી નીચે ઉતારી દીધેલ અને ઢીકાપાટુનો માર મારેલ હોય તેવું બનેલ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે પોલીસ ફરિયાદ તેઓએ લખાવેલી.

(૧૮). ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે પંચ સાહેદ ગોપાલભાઈ ચનાભાઈ પટોળીયા એ તેઓની આંક–૩૬ ની તથા પંચ સાહેદ આશીષભાઈ લાભશંકર તેરૈયા તેઓની આંક–૩૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૭ ના બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. આમ,સદરહું પંચ સાહેદો એ આંક–૩૭ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય. જેથી વિ.એ.પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી આ અદાલતની પરવાનગીથી આ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે.પરંતુ વિરુધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી. ત્યારબાદ, પંચ સાહેદની આરોપીઓના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં સદર પંચ સાહેદોએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી,તે સિવાય પંચનામાની વિગતે તેઓ કંઈ જાણતા નથી.આમ,સદરહું કામે આંક–૩૭ થી રજુ થયેલ પંચનામાના જે

પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેમણે માત્ર પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરી છે તે સિવાય તેઓને પંચનામાની વિગતની કાઈ ખબર નથી. જેથી આ કામે આંક–૩૭ વાળા પંચનામા કે તેની કોઈ હકીકત પુરવાર થતી નથી.

(૧૯). ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે આંક–૪૧ થી આ કામના તપાસ કરનાર અધિકારી સંજયભાઈ નાનુભાઈ વાણીયાએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ ભેસાણ પો.સ્ટે.માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સદરહુ ગુનાની ફરીયાદીની આંક–૨૯ વાળી ફરીયાદ લીધેલ. બાદ આરોપીઓને ગુનાના કામે હાજર રખાવવા નોટીસ કરેલી. તે સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.ત્યારબાદ સદર ત.ક.અધિકારીશ્રીએ આરોપી તરફે ની ઉલટતપસામાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી ફરીયાદ લખાવવા આવેલ ત્યારે ફરીયાદી સાથે તેઓના માતા–પિતા આવેલા હતા. મારામારીના બનાવમાં ફરીયાદીને આરોપીઓએ તેના ઘરેથી ઈકો ગાડીમાં તેમના માતા પિતાના ઘર પાસે લઈ આવી અને ગાડીમાંથી પછાડી દઈ મારામારી કરેલી અને ધાકધમકી આપેલી તેવું ફરીયાદીએ જણાવેલ. ફરીયાદ લીધા બાદ ફરીયાદીને સારવાર માટે રીફર કરેલ હોય તેવુ બનેલ નથી.ફરીયાદીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન ફરીયાદ દરમ્યાન તેઓએ જોયેલ નહી. સાહેદ જણાવે છે કે આ કામના ફરીયાદી પ્રથમ ભેસાણ સરકારી દવાખાને દાખલ થયેલ હોય જે ડી.ઓ.ના કામે તેઓ ફરીયાદ લેવા જતાં જે ઘરેલુ હિંસા અંગેની ફરીયાદ લખાવવા બાબતે જણાવતા જે બાબતે અધિકારી સાથે વાત કરી ફરીયાદીને સારવાર લીધા બાદ ભેસાણ પોલીસ સ્ટેશને રૂબરૂ બોલાવી ફરીયાદ લીધેલ. ફરીયાદીને એક જગ્યાએ સતત જોવામાં આંખે ખામી છે સાહેદ જણાવે છે કે તેના માતાપિતાએ પણ ફરીયાદીની શારીરીક ખામી હોવાનુ જણાવેલ. તેઓ જણાવે છે કે ફરીયાદ ફરીયાદીના માતાએ લખાવેલી.

(૨૦). ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામે આંક–૪૪ થી આ કામના મેડીકલ સાહેદ ડો. અભિષેક કરશનભાઈ બગડાએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે સેજલબેન હિતેષભાઈ કયાડા આવીને

તેઓને હિસ્ટ્રીમાં લખાવેલ કે થોરાળા ગામે ઘરે રણછોડભાઈ ભીખાભાઈ કયાડા, મંજુલાબેન રણછોડભાઈ કયાડા અને હિતેષભાઈ રણછોડભાઈ કયાડા દવારા ઢીકાપાટુ મારેલા અને પેટમાં મારેલુ છે અને મારામારી કરીને ડરાવી, ધમકાવીને મારી નાંખવાની ધમકી આપી છે.ભોગ બનનાર સેજલબેનની શારરીક તપાસણી કરતા ઈજા નં.(૧) લેફટ ફલેન્ક હિમેટોમા એટલે પડખાના ભાગે રૂધીર જામી ગયેલુ હોવાના નિશાન હતા જે અંદાજીત ૪ × ૫ સે.મી. ના હતા તથા ઈજા નં.(૨) રાઈટ ફલેન્ક હિમેટોમા એટલે પડખાના ભાગે રૂધીર જામી ગયેલુ હોવાના નિશાન હતા જે અંદાજીત ૩ × ૨ સે.મી.ના હતા. આ ઈજાઓ તાજી અને સામાન્ય હતી. આ ઈજાઓ અંગેનુ તેઓએ આંક-૪૫વાળું સર્ટીફીકેટ આપેલુ.ત્યારબાદ સદર સાહેદની આરોપીઓ તરફેની ઉલટતપસામાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સેજલબેન સાથે તેના માતાપિતા આવેલા. ઢીકાપાટુ હિસ્ટ્રીમાં જણાવેલ ત્રણ આરોપી માંથી કોણે મારેલા તેવુ દર્દીએ હિસ્ટ્રીમાં જણાવેલ નહી.પેટમાં કોણે મારેલુ તેવી હકીકત દર્દીએ હિસ્ટ્રીમાં જણાવેલ નહી. દર્દીએ તેમની હિસ્ટ્રીમાં આરોપીઓએ તેમને પડખાના ભાગે મારેલ છે તેવુ લખાવેલ નથી. ઘણી વખત દર્દી આવેશમાં આવી આ પ્રકારની ઈજાઓ પોતાને કરતા હોય છે. ઘણી વખત દર્દી કોઈ કઠણ અને બોથડ પદાર્થ સાથે અથડાય તો આવી ઈજા સંભવી શકે. દર્દીએ તેમની હિસ્ટ્રીમાં કયા આરોપીએ તેમને મારી નાખવાની ધમકી આપેલી તેવુ લખાવેલ નથી.

**(૨૧).** ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામે આંક-૪૯થી આ કામના તપાસ કરનાર અધિકારી મનીષભાઈ નરસીંહભાઈ કાતરીયાએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને તપાસ મળતા તેઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. જે આંક-૩૭ થી આ કામે સામેલ છે. જેમાં તેઓની અને બે પંચોની સહીઓ છે. સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લીધેલા. ફરીયાદીનુ મેડીકલ સર્ટીફીકેટ આવતા તપાસના કાગળોની સાથે રાખેલુ.ત્યારબાદ આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ એસ.એન.વાણીયાને સોપેલી. તેમણે આરોપીઓને અટક કરેલા. ત્યારબાદ ગુનાનુ ચાર્જશીટ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલુ. ત્યારબાદ સદર ત.ક.અધિકારીશ્રી એ આરોપી તરફેની ઉલટતપસામાં એ હકીકતનો

સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરીયાદ લીધેલ નથી અને તેમની રૂબરૂમાં ફરીયાદ લીધેલ નથી. તેમજ જણાવે છે કે,ફરીયાદીએ સારવાર ફરીયાદ આપ્યા પહેલા લીધેલી. ફરીયાદીએ તેમના મેડીકલ સર્ટીફીકેટમાં ફરીયાદવાળો બનાવ થોરાળા ગામે બનેલ હોવાનુ જણાવેલ છે. તેઓ થોરાળા ગામે આરોપીઓના ઘરે ગયેલ નથી. તેઓ થોરાળા ગામે કોઈ પંચનામુ કરેલ નથી તેમજ થોરાળા ગામે બનાવ વાળી જગ્યાના આજુબાજુના રહીશોના નિવેદનો નોંધેલ નથી.તેઓ ફરીયાદીનુ કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. આરોપી પાસેથી તેઓએ કોઈ મુદામાલ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદી સુરત રહેતા હોય ત્યાં પણ આજુબાજુ સાહેદોના નિવેદન લીધેલ નથી.

(૨૨). આમ, આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે આ કામના મૂળ ફરીયાદી, પંચ સાહેદો તથા તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવા રજુ થયેલા છે. ફરીયાદ પક્ષે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદી ખુદ તેમની ઉલટ તપાસમા કબુલ રાખે છે કે, તા.૧૮/૬/૨૦૨૪ ના રોજ આરોપીઓએ તેમને કોઈ મારકુટ કરેલ નથી વધુમાં, ફરિયાદી જણાવે છે કે, સામાવાળા તેમને બાર લાખ રૂપિયા આપે તો સમાધાન કરવુ છે. વધુમાં આ લગ્ન ફરિયાદીના ત્રીજા લગ્ન હોય તેઓએ તેમના અગાઉના બન્ને લગ્નમાં તેઓના પતિથી છુટાછેડા લીધેલ છે અને પતિ પાસેથી પૈસા લઈ છુટા થયેલ છે અને અગાઉના પતિ ઉપર પણ તેઓએ પોલીસ કેસ કરેલ હોવાનું જણાવે છે. ત્યારબાદ આ કામે ફરિયાદીના માતા દિવાળીબેન વિઠ્ઠલભાઈ સતાસીયાની આંક-૩૧ ની તથા ફરિયાદીના પિતા વિઠ્ઠલભાઈ બચુભાઈ સતાસીયાની આંક-૩૨ ની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો તેમના દિકરીએ તેઓને થોરાળા મુકામે કોઈ બનાવ બન્યો હોય તેવી હકીકત જણાવેલ નથી તેમજ થોરાળા મુકામે આજુબાજુ રહેતા લોકોએ પણ ફરિયાદી સાથે કોઈ બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ નથી. સુરત મુકામે પણ તેમની દિકરી રહેતી હોય ત્યાં પણ તેમની દિકરીને તેમના પતિ અને સાસરીયાઓ સાથે કોઈ બનાવ બનેલ હોવાની હકીકત તેમની દિકરીએ તેમને જણાવેલ નથી તેમજ સુરત મુકામે તેમના દિકરીના પડોશીઓએ પણ આવો કોઈ

બનાવ બનેલાની હકીકત જણાવેલ નથી. વધુમાં, બનાવ બન્યો તે જગ્યાએ સવાર ના સમયે કોઈ શોરબકોર થાય તો આજુબાજુના લોકો ભેગા થઈ જાય. આમ, ફરિયાદીના માતા અને પિતા તેમજ ફરિયાદીનો પોતાનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદ હકીકત મુજબનો બનાવ બનેલ હોવાની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી.

**(૨૩).** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ નેહાબેન દિનેશભાઈ પરમારની આંક–૩૩ની, સાહેદ કિશન દિનેશભાઈ પરમારની આંક–૩૪ની, સાહેદ જીતેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ ભુટાભાઈ સતાસીયાની આંક–૩૫ ની, સાહેદ મનોજ ભાઈ જમનભાઈ પટોળીયાની આંક–૩૮ ની તેમજ સાહેદ આશીષભાઈ લાભશંકર તેરૈયાની આંક–૩૯ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં ફરિયાદ હકીકત મુજબ નો બનાવ બનેલ હોવાની હકીકત જણાવે છે, પરંતુ આ બનાવ બાબતે સાહેદો કોઈ જાત માહિતી ધરાવતા નથી અને આ સાહેદો તેમની ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે બનાવ બન્યો તે સમયે તેઓ હાજર ન હતા. આમ, આ સાહેદો હીયરસે એટલે કે અન્ય પાસેથી સાંભળેલી હકીકતો જણાવે છે અને પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ આવા પુરાવાનું કોઈ મુલ્ય રહેતુ નથી. વધુમાં, સાહેદ આશીષભાઈલાભશંકર તેરૈયાની આંક–૩૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સેજલબેનને આંખે જોવામા પહેલેથી તકલીફ છે અને ઘણી વખત ચાલવામાં તકલીફ પડતા પડી જતા હોય છે. સેજલબેને તેમને કોઈ વાત કરેલ નથી. તેઓની દુકાન વિઠ્ઠલભાઈના ઘરની સામે આવેલ છે. તેઓને વિઠ્ઠલભાઈ સાથે સારા સબંધ છે. જે બનાવ બનેલ તે ડેલીની અંદર બનેલો. બનાવ સમયે બોલાચાલી થયેલ પરંતુ મારકુટ થયેલ હોય તેવું તેઓએ જોયેલ નથી. સેજલબેન તેમના ઘરમાં ગયેલા ત્યારપછી આ સાહેદ પોતે પોતાની દુકાને જતા રહેલા તેવી હકીકત જણાવે છે. આમ, આ સાહેદનો પણ પુરાવો ફરિયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.

**(૨૪).** વધુમાં, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ત.ક.અ. સંજયભાઈ નાનુભાઈ વાણીયા નો આંક–૪૧ નો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદી ફરીયાદ લખાવવા આવેલ ત્યારે ફરીયાદી સાથે તેઓના માતા–પિતા આવેલા હતા. ફરીયાદ લીધા બાદ

ફરીયાદીને સારવાર માટે રીફર કરેલ હોય તેવુ બનેલ નથી.ફરીયાદીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન ફરીયાદ દરમ્યાન તેઓએ જોયેલ નહી. સાહેદ જણાવે છે કે આ કામના ફરીયાદી પ્રથમ ભેસાણ સરકારી દવાખાને દાખલ થયેલ હોય જે ડી.ઓ.ના કામે તેઓ ફરીયાદ લેવા જતાં જે ઘરેલુ હિંસા અંગેની ફરીયાદ લખાવવા બાબતે જણાવતા જે બાબતે અધિકારી સાથે વાત કરી ફરીયાદીને સારવાર લીધા બાદ ભેસાણ પોલીસ સ્ટેશને રૂબરૂ બોલાવી ફરીયાદ લીધેલ. ફરીયાદીને એક જગ્યાએ સતત જોવામાં આંખે ખામી છે સાહેદ જણાવે છે કે તેના માતાપિતાએ પણ ફરીયાદી ની શારીરીક ખામી હોવાનુ જણાવેલ.

(૨૫). વધુમાં, મેડીકલ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સેજલબેનને સારવાર માટે તેના માતા પિતા લઈ આવેલા.સેજલબેનને પેટમા કોણે મારેલુ અને ઢીકાપાટુ કોણે મારેલુ તે હિસ્ટ્રીમાં જણાવેલ નથી. તેમજ કયા આરોપીએ મારી નાંખવાની ધમકી આપેલી તેવું પણ લખાવેલ નથી.

(૨૬). વધુમાં, આ કામે રેકર્ડ જોતાં ફરિયાદીએ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ભેસાણ સારવાર લીધેલી ત્યારે મેડીકલ ઓફીસર સમક્ષ બનાવ થોરાળા ગામે તેમના ઘરે બનેલ હોવાનું જણાવેલ છે મેડીકલ ઓફીસર પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદી સાથેનો બનાવ થોરાળા ગામે તેમના ઘરે બનેલ હોવાનું જણાવે છે, જયારે ફરિયાદીની પોલીસ ફરિયાદમાં હાલનો બનાવ આરોપી તેના પતિ અને તેના સાસરીયાઓ ફરિયાદીને થોરાળા ગામેથી ઈકો ગાડીમાં બેસાડી તેના પીયર ખજુરી હળમતીયા ગામે લઈ ગયેલા અને ત્યાં ફરિયાદીના પિતાના ઘરે હાલનો બનાવ બનેલ હોવાનું જણાવેલ છે. આમ, બનાવ ચોકકસ કઈ જગ્યાએ બનેલો તે સબંધે પણ ફરિયાદીની ફરિયાદ તથા ફરિયાદીએ મેડીકલ ઓફીસર સમક્ષ લખાવેલ હિસ્ટ્રીમાં વિસંગતતા જણાઈ આવે છે.

(૨૭). વધુમાં, આ કામે ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં, ''હાલની ફરિયાદ અમે બધાએ લખાવેલી'' જયારે તપાસ કરનાર અમલદાર સંજયભાઈ નાનુભાઈ વાણીયા જણાવે છે કે ફરીયાદ, ફરીયાદીના માતાએ લખાવેલી. જયારે આ કામે સાહેદ મનોજભાઈ

જમનભાઈ પટોળીયા તેમની આંક–૩૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ફરિયાદ તેઓએ લખાવેલી. આમ, હાલની ફરિયાદ ફરિયાદી ધ્વારા લખાવવામાં આવેલી કે કેમ એ સ્પષ્ટ થતુ નથી.

(૨૮). વધુમાં, ફરિયાદી સુરત મુકામે તેમજ થોરાળા મુકામે તેમના પતિ અને સાસરીયાઓ સાથે રહેતા હતા ત્યારે તેમના પતિ અને સાાસરીયાઓ ધ્વારા તેમને શારીરીક અને માનસીક ત્રાસ તેમને મેણાટોળા મારી દુખત્રાસ આપતા હોવાનું જણાવેલ છે, પરંતુ ફરિયાદીનો ખુદનો તથા તેમના માતાપિતાનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદીના પતિ અને સાસરીયા તેમને મારકુટ કરતા હતા તે હકીકત તેઓએ તેમના સગાવહાલાઓને જણાવેલ નહીં.તેજ રીતે મંજુલાબેને તેમના હાથમાં ધગધગતુ તેલ નાખેલુ તેની કોઈ સારવાર કરાવેલ નહીં. તેઓ સુરત મુકામે રહેતા ત્યારે ફરિયાદીને મારકુટ કરેલ તેની પણ સારવાર તેઓએ કરાવેલ નહીં. તેઓની તેમના માતા પિતા સાથે ફોનમાં વાત થતી હતી. વધુમાં થોરાળા મુકામે અને સુરત મુકામે ફરિયાદીના આજુબાજુમાં રહેતા પડોશીઓએપણ ફરિયાદીને દુખત્રાસ હોવાની કોઈ હકીકત જણાવેલ નથી તેવું તેમના માતાપિતા સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે. તેમજ ફરીયાદી તેમની ઉલટતપાસામા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના લગ્ન પાંચ વર્ષ પહેલા થયેલા. તેમના હાલના લગ્ન એ ત્રીજા લગ્ન છે. તેમના પહેલા લગ્ન જીજ્ઞેશભાઈ સાથે થયેલા. તેમને આ લગ્ન કયા ગામે થયેલા તે હાલ યાદ નથી. તેમના બીજા લગ્ન જામકા મુકામે થયેલા. જામકા મુકામે જીજ્ઞેશભાઈ સાથે થયેલા. ત્યારબાદ ફરિયાદી જણાવે છે કે, પહેલા લગ્ન કોની સાથે થયેલા તેની તેમને ખબર નથી. તેમને બીજા લગ્ન થયેલા તે લગ્નથી તેમને એક દિકરી છે તે દિકરી હાલ તેમના બીજા લગ્નના પતિ જોડે છે. આ જીજ્ઞેશભાઈ વિરુધ્ધ પણ તેમણે એક કેસ કરેલો. જીજ્ઞેશભાઈ એ તેમની સાથે છુટાછેડા લીધેલા. ફરિયાદી જણાવે છે કે, બાવો થઈ ગયો એટલે તેમને કીધેલુ કે દિકરી મુકીને જતા રહો.આ છુટાછેડા લેવા માટે તેઓએ જીજ્ઞેશભાઈ પાસેથી અઢી લાખ રૂપિયા લીધેલા.તેમના પહેલા લગ્ન થયેલા તેની પાસેથી સીતેર હજાર લીધેલા. તા.૧૮/૬/૨૦૨૪ ના રોજ આરોપીઓએ તેમને કોઈ મારકુટ કરેલ નથી. વધુમાં, ફરિયાદી જણાવે છે કે,

સામાવાળા તેમને બાર લાખ રૂપિયા આપે તો સમાધાન કરવુ છે. તેવી હકીકત જણાવે છે. આમ આ હકીકતો ધ્યાને લેતા ફરિયાદીને આરોપી તેના પતિ કે તેના સાસરીયાઓ ધ્વારા કોઈ શારીરીક ત્રાસ આપવામાં આવેલ હોય તેવું જણાઈ આવતુ નથી. પરંતુ સમાધાન પેટે રૂપિયા બાર લાખ આપે તો સમાધાન કરવુ છે તેવું જણાવતા હોય તેમજ ફરિયાદી તેમના અગાઉના લગ્નના પતિ સાથે પણ રકમ લઈ છુટાછેડા મેળવેલ હોય તેવી સમગ્ર હકીકતો ધ્યાને લેતાં ફરિયાદીએ હાલનો કેસ સમાધાન થકી મોટી રકમ મેળવવા માટે કરેલ હોવાનું જણાઈ આવે છે અને તેથી ફરિયાદીની હાલની ફરિયાદ શંકા ઉપજાવે છે ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીની ફરિયાદ તેમજ સોગંદ ઉપરનો પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, આ હકીકતો ધ્યાને લેતાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩, ૪૯૮(ક), તથા ૧૧૪ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

(૨૯). વળી, આ કામે ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૬(૨) મુજબ આ કામના આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનો આક્ષેપો કરેલ છે. પરંતુ, માત્ર ધમકી આપવાથી ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત થતો નથી, પરંતુ તે માટે જાન થી મારી નાંખવાની ધમકી આપવાના કારણે ફરીયાદી સતત ભયમાં રહેતો હોવો જોઈએ અને રોજબરોજનું કૃત્ય કરવા અશકિતમાન થયેલ હોવાનું પણ સાબીત કરવું જરૂરી છે.વધુમાં ફરિયાદીના માતાપિતાનો અનુક્રમે આંક-૩૧ અને આંક-૩૨ નો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેમની દિકરી નવ વર્ષથી તેમની સાથે રહે છે તેમજ બનાવ બન્યો ત્યારબાદથી તેમને આરોપીઓ સાથે કોઈ માથાકુટ થયેલ નથી. બનાવ બાદ આરોપીઓ પણ કયારેય અમારા ગામમાં આવેલા નથી.

(૩૦). વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટના મુનસાફખાન યાસીનખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૨(૧) જી.એલ.એચ.કયુ.જે.૪ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ગુનાહીત ધાક ધમકી-મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા

પહોંચાડવાની અપાયેલ ધમકીનાં કારણે ફરીયાદીને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઈએ અને તેનાં મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોઈએ. વધુમાં, આવી ધમકીનાં કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવાં માટે અશકિત માન થયેલા હોવા જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબીત થતો નથી.

(૩૧). હાલનાં કેસમાં ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈ ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો તેમજ ફરીયાદીની ફરીયાદ તેમજ અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણ બેચર (સુપ્રા) તથા મુનસાફખાન યાસીનખાન પઠાણ (સુપ્રા) ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાત મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુનામાં દર્શાવ્યા પ્રમાણે ધમકી એવી હોવી જોઈએ કે,અપાયેલ ધમકીના કારણે વ્યકિતના મનમાં સતત ભય રહેતો હોવો જોઈએ અને ધમકી અપાયેલ વ્યકિતના મનમા ગભરાટ ઉભી કરતી હોવી જોઈએ. વધુમાં, સદર ધમકીના કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવા શકિતમાન ન હોવા જોઈએ. ઉપરોકત સિધ્ધાંતને ધ્યાનમાં લઈ હાલના કેસમા જોઈએ તો ફરીયાદી તથા સાહેદો ના મનમાં અપાયેલ ધમકીના કારણસર ભય રહેતો હોય તેવો લેશમાત્ર પુરાવો હાલના કેસમા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષ તરફે સદર ધમકીના કારણે ફરીયાદીએ ફરીયાદ નોંધાવ્યા બાદ કોઈ પણ સમયે તેમની રોજ બરોજની ફરજ અદા કરવાં માટે તથા ફરીયાદ નોંધાવ્યા બાદ બહાર આવન જાવન કરી શકતા ન હોય કે રાબેતા મુજબની કામગીરી કરવા અશકિતમાન થયેલા હોય તેવો લેશમાત્ર પણ પુરાવો હાલના કેસમા ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી, ઉલ્ટા નું પુરાવો જોતા આરોપીએ કોઈ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોઈ તેવી કોઈ હકીકત ફરીયાદીએ જણાવેલ નથી. જેથી ફરીયાદ આપ્યા બાદ ફરીયાદીના મનમાં સતત ભય રહેતો હોય કે તેઓ રોજબરોજની કાર્યવાહી કરવા અશકિતમાન થયેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૩૨). વધુમાં,ફોજદારી કેસોમા આરોપી વિરૂધ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસપોતાના પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદ પક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

(૩૩). વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. જે ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી)મહત્વની બની રહે છે.એટલે કે સાક્ષીઓની સંખ્યા મહત્વની નહી પરંતુ સાક્ષીઓએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે.

(૩૪). આમ, આ કામે ફરીયાદપક્ષના સાહેદોની સોગંદ ઉપરની જુબાની આધારે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ જ પુરાવો ઉપલબ્ધ નથી. જેથી ફરિયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદીનો તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપી વિરૂધ્ધનો ગુન્હો વાજબી શંકાથી પર પુરવાર થતો નથી, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧). આ કામના આરોપી નં.(૧). હિતેશભાઈ રણછોડભાઈ કયાડા, નં.(૨). મંજુલાબેન વા/ઓ રણછોડભાઈ ભીમજીભાઈ કયાડા, તથા નં.(૩). રણછોડભાઈ ભીમજીભાઈ કયાડાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના આક્ષેપીત ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ, એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫,૦૦૦/-ના સઘ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

આ હુકમ આજ તારીખ : ૨૪ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૪/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર-જીજે ૦૧૩૯૧)